Extra No. 74

REGISTERED NO. G/GNR/2

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] WEDNESDAY, MARCH 22, 1995/CAITRA 1, 1917

**Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.**

## PART I-A

## CENTRAL SECTION

**Orders and Notifications (other than those published in Part IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal, Primary Education and Local Fund Audit Acts.**

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૩૨/૧૯૯૫/પીએસઆર/૧૨૯૪/૭૬૪/ડી.– ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮માં ની કલમ ૨૨૭ની પેટા કલમ (૫) સાથે વાંચતા, કલમ ૨૭૪ થી મળેલ સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે.

૧. ટૂંકી સંજ્ઞા :–આ નિયમો 'ગુજરાત પંચાયત સેવા (નોકરાની બદલી) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. પંચાયતના નોકરોની બદલી કરવા બાબત :–આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧માં નિર્દિષ્ટ કરેલ સત્તાધિકારીઓને, તેના કોલમ ૨માં તેમની સામે નિર્દિષ્ટ કરેલી પંચાયત સેવામાંના નોકરોના વર્ગને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૨૭ની પેટા કલમ (૩)ની જોગવાઈઓને આધીન રહીને અને જિલ્લા વિકાસ અધિકારી, આ માટે વખતોવખત બહાર પાડે તેવાં સામાન્ય અથવા ખાસ સૂચનાઓ કોઈ હોય તો, તેને આધીન રહીને, બદલવાની સત્તા રહેશે.

૩. આંતર જિલ્લા બદલીઓ :–(૧) જિલ્લામાં જિલ્લા કેડરના અને તાલુકા કેડરના પંચાયત સેવાના સભ્ય અન્ય જિલ્લાના તત્સમાન કેડર ઉપરની બદલી–

(ક) રાજ્ય સરકારના અથવા આ અર્થે અધિકૃત કરેલ અધિકારીના અભિપ્રાય પ્રમાણે

(૧) જાહેર હિતમાં, અથવા

(૨) જ્યાંથી તેની બદલા કરવામાં આવે તે જિલ્લાની જરૂરિયાતો પ્રમાણે તે નોકરની સેવાઓ ફાજલ પડવાને કારણે તેને સમાવી લેવા માટે, કરવી પડતી હોય, અથવા

(ખ) તે અર્થે જિલ્લા વિકાસ અધિકારીને તે સભ્યે અરજી કરી હોય અને અન્ય જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી, પેટા-નિયમ (૨) હેઠળ આવી બદલી કરવા માટે સંમત થાય.

તો રાજ્ય સરકાર અથવા આ અર્થે અધિકૃત કરેલ કોઈ અધિકારી લેખિત હુકમ કરીને તેની બદલી કરી શકશે.

પરંતુ આવી અરજી જે જિલ્લા કેડરની પંચાયત સેવાના નોકરોએ કરી હોય તે નોકરોએ, નિયમો હેઠળ જરૂરી હોયતેવી પ્રોબેશન મુદત અને તેવી સેવા પૂર્વેની તાલીમ, હોય તો તે, સફળ રીતે પૂરી કર્યા પછી તે જિલ્લા પંચાયતમાં ત્રણ વર્ષની સેવા પૂરી કરી હોય તેમણે કરેલી હોવી જોઈએ.

(૨) પેટા-નિયમ(૧) હેઠળની અરજી મળ્યેથી, જિલ્લા વિકાસ અધિકારીએ, જિલ્લામાં સંબંધિત પંચાયતના હિતને ધ્યાનમાં રાખીને આવા સભ્યની બદલી કરવી કે નહિ તેનો નિર્ણય કરવો જોઈશે. તે સભ્યની બદલી કરવાનો તે નિર્ણય કરે તો, જે જિલ્લાનાં તત્સમાન કેડર ઉપર તે સભ્યની બદલી કરવાની હોય તે જિલ્લાના વિકાસ અધિકારી તેની બદલી કરવા માટે સંમત થાય છે કે કેમ, તે માંટે તેમને પૂછવું જોઈશે. બીજા જિલ્લા વિકાસ અધિકારી બદલી કરવા માટે સંમત થાય તો, પહેલાં જિલ્લા વિકાસ અધિકારીએ પેટા-નિયમ(૧) હેઠળના પગલાં લેવા માટે તે અરજી રેકર્ડ સાથે રાજ્ય સરકારને અથવા આ અર્થે અધિકૃત કરેલ અધિકારીને મોકલવી જોઈશે.

૪. આંતરજિલ્લા બદલીઓ શરતોને અધીન રહેશે.

નિયમ ૩ હેઠળ કોઈ નોકરની બદલીથી, એવો નોકર પોતાની બદલી થાય તેની તરત જ પહેલાં તે સેવાના સંબંધમાં ભોગવવાને હક્કદાર હોય તે પગાર, રજા, પેન્શન, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેજ્યુઈટી અને બીજા હકો અને વિશેષ અધિકારોને અસર થશે નહિ.

પરંતુ—

(૧) નિયમ ૩ ના પેટા-નિયમ (૧) ના ખંડ (ક) અને ખંડ (ખ) ના પેટા-ખંડ (૨) હેઠળ બદલી કરવામાં આવે તેવી બાબતમાં, એવી બદલીના પરિણામરૂપે એવા સભ્યને નીમવામાં આવે તે કેડરમાં ખાલી પડેલ જગા માટે જેનો નંબર છેલ્લો હોય તેવી વ્યકિત ઉપર તે નોકર સિનિયોરીટી માંગી શકશે નહિ; અને

(૨) નિયમ ૩ ના પેટા-નિયમ (૧) ના ખંડ (ખ) હેઠળ બદલી કરવામાં આવે તેવી બાબતમાં, બદલીના પરિણામરૂપે તે નોકરને ખર્ચ થાય તે પરત માંગવા હક્કદાર થશે નહિ.

૫. રદ કરવા બાબત અને બચાવ.— ગુજરાત પંચાયત સેવા (નોકરોની બદલી) નિયમો, ૧૯૬૮ આથી રદ કરવામાં આવે છે. એવી રીતે રદ કરેલા નિયમો હેઠળ કરેલ કોઈ કૃત્યને અથવા લીધેલ કોઈ પગલાને એ રીતે રદ થવાથી અસર થશે નહિ.

## અનુસૂચિ

| સત્તાધિકારી | નોકરોનો વર્ગ |
|---|---|
| ૧ | ૨ |
| ૧. નાયબ જિલ્લા વિકાસ અધિકારી | (૧) જુનિયર કારકુન (સામાન્ય કારકુની કેડર)<br>(૨) ગ્રામ પંચાયતના મંત્રીઓ<br>(૩) ગ્રામ સેવિકા<br>(૪) સીનેમા ઓપરેટર<br>(૫) કોમ્પ્યુટર<br>(૬) ટેલિફોન ઓપરેટર<br>(૭) અનુક્રમાંકો ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને કોટવાળોમાં જણાવેલી કક્ષાઓ માટે હોય તે સિવાય જિલ્લા પંચાયત હેઠળ હોય તેવી નીચલી કક્ષાની પંચાયત સેવાની જગા ધરાવતી કોઈ વ્યકિત. |
| ૨. હિસાબ અધિકારી | (૧) જુનિયર કારકુન (સામાન્ય હિસાબી કેડર) |
| ૩. જિલ્લા કૃષિ અધિકારી | (૧) ગ્રામ સેવક |
| ૪. જિલ્લા પશુપાલન અધિકારી | (૧) ડ્રેસર |
| ૫. જિલ્લા આરોગ્ય અધિકારી | (૧) રસી મૂકનારાઓ<br>(૨) કમ્પાઉન્ડર<br>(૩) એકસ-રે ટેકનિશિયન<br>(૪) વિવિધલક્ષી આરોગ્ય કાર્યકર<br>(૫) સ્ત્રી આરોગ્ય કાર્યકર<br>(૬) સ્ત્રી આરોગ્ય નિરીક્ષક |

| ૧ | | ૨ |
| --- | --- | --- |
| ૬. | જિલ્લા કુટુંબ નિયોજન અધિકારી | (૧) સહાયક નર્સ મીડવાઈફ્સ<br>(૨) સહાયક ફીલ્ડ વર્કર્સ |
| ૭. | જિલ્લા આયુર્વેદ અધિકારી | (૧) વૈદ્યો |
| ૮. | સહકારી મંડળીઓના મદદનીશ રજિસ્ટ્રાર | (૧) શિક્ષક (ઈન્સ્ટ્રક્ટર)<br>(૨) મદદનીશ શિક્ષક (આસિસ્ટંટ ઈન્સ્ટ્રક્ટર)<br>(૩) હેમરર |
| ૯. | કાર્યપાલક ઈજનેર | (૧) ડ્રાફ્ટસમેન<br>(૨) મદદનીશ ડ્રાફ્ટસમેન<br>(૩) ટ્રેસર<br>(૪) વર્ક આસિસ્ટંટ<br>(૫) મીકેનીક્સ<br>(૬) મદદનીશ મીકેનીક્સ<br>(૭) ઈલેક્ટ્રીશીયન<br>(૮) વાયરમેન |
| ૧૦. | જિલ્લા વિકાસ અધિકારી | જિલ્લા કેડરમાં સમાવિષ્ટ થયેલી જગાઓ પૈકી કોઈ જગા ધરાવતી બીજી, તમામ વ્યક્તિઓ. |
| ૧૧. | તાલુકા વિકાસ અધિકારી | તાલુકા કેડરમાં સમાવિષ્ટ થયેલી જગાઓ પૈકી કોઈ જગા ધરાવતી તમામ વ્યક્તિઓ. |

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. વી. સ્વામીનાથન,
સરકારના અધિક મુખ્ય સચિવ.

---

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.